# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૧

## સલામી સવારની..

ટૂંકો છે વિકાસ, વાયદા ની વાત લાંબી કરે છે,
અસત્યના રસ્તે પ્રચાર - સફર લાંબી કરે છે,
લાંબી કરે યાત્રાઓ, ટૂંકાવી તિજોરીનું તળિયું -
બીજાની ટૂંકાવીને લીટી - ખૂદની લાંબી કરે છે
(જૂઠાણાં આધારિત પ્રચાર)

## હાઇકુ

અન્ના એ ખોલ્યું!
મહત્ત્વાકાંક્ષી માટે -
તાલીમ કેન્દ્ર..

બગડી ચાય..
મોંઘવારીના ચૂલે
ઉકળે દૂધ..

## ચિંતન

**સંસ્થિતસ્ય ગુણોત્કર્ષઃ પ્રાયઃ પ્રસ્ફુરતી સ્ફુટમ્ ।**
**દગ્ધસ્યાગરૂખંડસ્ય સ્ફારી ભવતિ સૌરભમ્ ॥**

'જેમ, ધૂપ-અગરબત્તીના બળવાથી તેની સુગંધ આસપાસ બધે જ ફેલાઇ જાય છે તેવી જ રીતે સજ્જન માણસમાં રહેલા સદ્‌ગુણોની ઉત્કૃષ્ટતાને પરિણામે તેની સુવાસ-કીર્તિની સૌરભ પણ આપોઆપ ફેલાવા લાગે છે.'

જે સજ્જન છે અને ત્યાગ-સેવા-સમર્પણ સાથે નમ્રતા-વિવેક જેવા સદ્‌ગુણો ધરાવે છે. સત્ય-સ્પષ્ટવક્તા અને વર્તન-આચરણમાં જે નિષ્ઠાવાન છે એને પોસ્ટરો ચોંટાડી પોતાનો પ્રચાર કરવાની જરૂર પડતી નથી. કામ ખૂદ જ બોલે છે કર્મ એ જ એનો સંદેશ-પ્રચારક છે. સદ્‌ગુણની સુગંધ આપોઆપ ફેલાય છે.

સત્ય અને સ્પષ્ટવક્તા, નિર્દોષ તટસ્થ અને ચારિત્ર્યના ચોખા એવા અન્ના હજારે તદ્દન સાદા સજ્જન છે મિલીટરીના ડ્રાઇવર તરીકે નિવૃત્ત થઇ રાષ્ટ્રીય ભાવના સાથે રાષ્ટ્ર માટે નાની નાની અન્યાય સામે લડતો કરી ગાંધીવાદી સિધ્ધાંત સાથે કોઇ પણ સ્વાર્થની અપેક્ષા રાખ્યા વિના લડ્યા અને અન્યાય સામે જીતતા રહ્યા, સૌ પ્રથમવાર રાષ્ટ્રીય સ્તરે 'લોકપાલ'ની માંગણી સાથે રાષ્ટ્રીય લડત ઉપાડી, અપવાસ કર્યા અને સરકાર ઝૂકી... (રાજરમત એ નેતાઓ ના લોહીમાં છે તેથી તેનું પરિણામ તો આવે ત્યારે) પણ અન્ના હજારે, સત્યવાદી-ગાંધીવાદીની સૌરભ દેશ-વિશ્વ સુધી પ્રસરી ગઇ.

## સુવિચાર

- પ્રવાહની સાથે વહેવું એ નેતાનું નહીં અનુયાયીઓનું લક્ષણ છે, સાચો નેતા એ છે જે પોતાના મત અનુસાર પરિસ્થિતિ સર્જીને લોકમત પોતાની તરફ આકૃષ્ટ કરી લે - **ડો. હેડગેવાર**
- તમારી ભૂલ પણ હોઇ શકે છે એવું નિખાલસ પણ કબૂલ કરી લેવાથી તમામ દલીલો, વાદ-વિવાદ બાજુમાં મૂકાઇ જાય છે - **ડેલ કાર્નેગી**
- ઉમદા ધ્યેય એ પહેલી સિધ્ધિ છે, એ ધ્યેય સુધી પહોંચવાની શ્રધ્ધા-ઝંખના-સાધના એ બીજી સિધ્ધિ ધાર્યા સમયમાં અને પ્રમાણમાં સફળતા ન મળે તો પણ પરિશ્રમમાં મંડ્યા રહેવું એ ત્રીજી સિધ્ધિ છે, સિધ્ધિનો નમ્રતા પૂર્વક સ્વીકાર એ ચોથી સિધ્ધિ છે અને એ સિધ્ધિના યોગ્ય દિશામાં ઉપયોગ એ સર્વોત્તમ સિધ્ધિ છે - **ડો. રાધાકૃષ્ણન**
- ફળની આશા રાખ્યા વગર કામ કરો એનો અર્થ એવો નથી કે સારાં-નરસાં પરિણામનો પણ વિચાર ન કરવો, વિચાર-આયોજન અને ગણતરી સાથે પોતીકો સ્વાર્થ ન રાખવો - **સ્વામી આનંદ**
- જે ત્યાગ ભાવના અને સમર્પણ સાથે ક્ષમા આપી શકે છે તે જ અંતે વિજયી થાય છે - **એસ. ભટાચાર્ય**

## બોધ કથા

આજકાલ પ્રધાનશ્રીઓને એમના સચિવો અને અંગત સલાહકારો પણ સાચી સલાહ આપતા નથી. સાહેબની ઇચ્છા, સ્વાર્થ-સ્વભાવ અને મનોભાવ જાણી હા-જી-હા કરી તેમની ઇચ્છાને જ અનુમોદન આપતા હોય છે અંતે પ્રધાનશ્રીને જેલ સુધી મૂકવા પણ જાય છે!

તત્ત્વવિદ્, ચિંતક, ન્યાય, નીતિ અને સત્યાચરણ માટે પ્લેટો ખૂબ જાણીતા હતા. તેમની સલાહ લેવા મહાન વિદ્વાન-પંડિતો-રાજકારણીઓ પણ આવતા. ગ્રીસના રાજા ડાયોજિનિયસને કાને પણ પ્લેટોના અગાધ જ્ઞાનની વાત પહોંચી.

સમ્રાટે રાજકારણ અને વહીવટ માટે પ્લેટોની સલાહ માગી. પ્લેટો તો રાજાના લક્ષણો અને વહીવટની સ્પષ્ટ વાતો રાજાને કહી નિર્ભય રીતે-સલાહ-સૂચન પણ કર્યાં.

રાજાના સ્વભાવ અને નીતિ-રીતિથી બધું વિરૂધ્ધ હતું. સમ્રાટને થયું આ માણસ જીવંત રહેશે તો ક્રાંતિ સર્જશે. તેને પકડી ગુલામ બનાવી, બીજા દેશમાં વેંચી દીધો.

વર્ષો પછી ડાયોજિનિયસને સત્ય સમજાયું. માફી આપવા પ્લેટોને પત્ર લખ્યો, તમને મારા પ્રત્યે દ્વેષ હશે જ હવે તે કાઢી નાખવા વિનંતી કરૂં છું..

પ્લેટો એ લખ્યું. મને તમારા વિષે વિચાર કરવાનો કે તમે આપેલી સજા વિષે વિચાર કરવાનો સમય જ નથી મળ્યો. માફી આપવાનો તો પ્રશ્ન જ નથી.

# વ્યક્તિ કોઇ ને કોઇ શ્રધ્ધાના સઢ સુકાનથી પોતાની જીવન નૈયાને હંકારતા હોય છે, આ શ્રધ્ધા દીપકમાંનું તેલ છે, જયાં સુધી કોડિયામાં હશે ત્યાં સુધી જીવન પ્રકાશમય રહેશે, શ્રધ્ધાના બળે તો તરણું એ સાગર પાર કરાવી જાય છે

## સખીને પત્ર

- સ્વાતિબા રાઓલ

પ્રિય સખી,

સવાર હવે થોડી વધુ અને પ્રિય લાગે તેવી ઠંકડ લઇને આવતી થઇ છે. સવાર હંમેશા નવજીવનની શ્રધ્ધા અને વિશ્વાસના અજવાસને લઇને આવતી હોય છે શ્રધ્ધા! કળી હવે ખીલીને ફૂલ બનશે તેનો વિશ્વાસ! એક નવું જીવન બાગને સુવાસમય કરી દેશે તેનો સવારે ટહેલવા નીકળુંને મકરંદ દવેની આ સુંદર પંક્તિઓ હંમેશા મનમાં રમ્યા કરે...

**"પગલું હું માંડુ અવકાશમાં**
**જોઉં નીચે હરિવરનો હાથ,**
**અજંપાની સદા સૂની કેડીએ**
**ગાતો આવે અદીઠો સંગાથ**
**જામીને જોઉં તો કોઇ નથી એકલું."**

- હાસ્તો? પ્રત્યેક વ્યક્તિ કોઇ ને કોઇ શ્રધ્ધાના સઢ સુકાનથી પોતાની જીવન નૈયાને હંકારતા હોય છે. આ શ્રધ્ધા દીપકમાંનું તેલ છે. જયાં સુધી કોડિયામાં હશે ત્યાં સુધી જીવન પ્રકાશમય રહેશે. શ્રધ્ધાના બળે તો તરણું એ સાગર પાર કરાવી જાય છે. ડગમગતા પગે પિતાની આંગળી પકડીને ચાલતું બાળક પિતા પ્રત્યેની અને વૃધ્ધાવસ્થાથી ખોડંગાતા પગે પુત્રના ખભાનો આધાર લઇ ચાલ્યું જતું ઘડપણ પુત્ર પ્રત્યેની અડોલ શ્રધ્ધાનો પુરાવો છે. એક ખભો કે એક આંગળી માત્ર આપણને અહેસાસ કરાવી જાય છે કે હવે હું સલામત છું.

પ્રભાતકાળે કે સાયંકાળે મંદિરમાં નતમસ્તક તથાં જ શ્રધ્ધાના દીવાઓનો ઝગમગાટ સમગ્ર અસ્તિત્વને પ્રભામય બનાવી દે છે. અને દુઃખો અને ચિંતાઓનું પોટલું ઇશ્વર ચરણે ધરી મન નિશ્ચિંત બની જાય છે કે હવે ગમે તે થાય પ્રભુનો આધાર છે! એકવાર એક ગામમાં દુકાળ પડ્યો. ઘણાં લોકો પ્રાર્થના માટે એકઠાં થયાં કે જેથી વરસાદ અંગેની અરજ પ્રભુ સુધી પહોંચાડી શકાય. તેમાં ગામની એક નાનકડી દીકરી છત્રી લઇને આવી. કોઇએ પૂછ્યું. કેમ? તો કહે, "આપણે આટલા બધા લોકો એક સાથે શ્રધ્ધાપૂર્વક પ્રાર્થના કરીશું તો ઇશ્વર આપણી પ્રાર્થના ચોક્કસ સાંભળશે અને વરસાદ આપશે!" અને ખરેખર! વરસાદ આવ્યો. ઇશ્વર તેના પ્રત્યેની શ્રધ્ધા અને સમર્પણની જ અપેક્ષા રાખે છે.

પરંતુ ક્યારેક એવું પણ બને છે કે આપણી શ્રધ્ધામાં સમર્પણ કરતાં 'આમ થવું જ જોઇએ.' ની જીદ અને આગ્રહ આવી જાય છે ત્યારે આપણે શ્રધ્ધાની સરહદોને અતિક્રમીને અંધશ્રધ્ધામાં પ્રવેશ કરી જઇએ છીએ. પછી આપણે ચંદ્ર દર્શન કરાવનાર વ્યક્તિની અંગુલીપૂજા કરવા લાગીએ છીએ, અને ચંદ્રને ભૂલી જઇએ છીએ. ઘણા વર્ષો પહેલાં અખાજેવા જ્ઞાની કવિએ પણ કહ્યું હતું કે, 'તિલક કરતાં ત્રેપન થયાં, જપમાળાના નાકાં ગયાં, તીરથ ફરી ફરી થાક્યા ચરણ, તોય ન પહોંચ્યો હરિને શરણ!' આપણી ઇશ્વર પ્રત્યેની શ્રધ્ધા પર જયારે આપણને જ શ્રધ્ધા નથી રહેતી ત્યારે આંખો બંધ કરી ઇશ્વરકૃપા મેળવવાના ટૂંકા રસ્તાઓ શોધવા લાગીએ છીએ. ત્યારે આ આંધળી શ્રધ્ધાના મૂળમાં આપણું ધાર્યું જ કરવાની મમત વધુ કામ કરતી હોય છે.

મારી શાળામાં ભણતી એક વિદ્યાર્થીની નામ રોશની. ધોરણ દસમાં આવી ત્યારથી થોડી મુંઝાયેલી લાગે. તેના બે જોડિયા ભાઇઓ પણ તેની સાથે દસમાંમાં જ ભણે. રોશની ભણવામાં થોડી હોંશિયાર એથી યે વધુ નિયમિત. જયારે ભાઇઓ સાવ રેઢિયાળ, અનિયમિત અને ભણવામાં નબળાં. રોશની ઘરનું કામ કરીને સ્કૂલ આવે. સ્કૂલેથી ઘરે જઇ પાછું 'ગૃહકાર્ય' કરે. ભાઇઓની શાળામાંથી ફરિયાદ જાય એટલે. મા-બાપ રોશનીને ધમકાવે તું તારા ભાઇઓનું ધ્યાન રાખતી નથી? એમને ભણાવતી નથી? કેવી બહેન છે? વગેરે વગેરે.... પરિણામ એ આવ્યું કે એક દિવસ રોશનીને તાવ આવ્યો. અને સાથે ડિપ્રેશન પણ કેમેય કર્યો તેનો તાવ પણ ન ઉતરે અને મનની નિરાશા પણ. થોડી ઘણી આડી અવળી દવા કરાવી પરંતુ રોશનીની નિરાશા ધીરે ધીરે આક્રમક થવા લાગી. એકાદ વખત તેણે તેના ભાઇઓ પર હાથ ઉગામ્યો અને થઇ રહ્યું! મા-બાપે નક્કી કરી લીધું કે રોશનીને વળગાડ છે. સ્કૂલે જવાનું તો ક્યારનુંય બંધ હતું. રોશનીને બનાસકાંઠામાં આવેલા પોતાના નાનકડાં ગામમાં લઇ જઇ દોરા-ધાગા, ભૂવા-ધાગડીયા કરાવ્યાં. એક દિવસ તેની માતા મારી પાસે આવી. અને રોશનીનું એલ.સી. માંગ્યું. મેં પૂછ્યું, 'રોશનીની તબિયત કેવી છે? તેને ભણવાનું નથી?' અને જે જવાબ મળ્યો તે આંચકા જનક હતો... 'બહેન! અમે તો રોશનીના નામનું નાહીં જ નાખ્યું છે. હવે તો ભૂવાઓએ પણ હાથ હેઠાં મુકી દીધાં છે, અને કહ્યું છે કે, તે મહીનામાં મરી જશે. એટલે અમને એનું સર્ટી કાઢી આપો એટલે અમારે વધારાની ફી ન ભરવી પડે. અને મારા આ બે છોકરાંનું ધ્યાન રાખજો હોંય?' મારતાં-બારતાં નહિ, બહું બાધા આખડીઓ પછી આવેલાં છે!' અને દીકરીના મરવાની રાહ જોઇ. બેઠેલી આ અંધશ્રધ્ધાળુ માની સામે હું સ્તબ્ધ બનીને જોઇ રહી. પછી તો એમને ઘણું સમજાવ્યાં કે રોશનીને મારી પાસે એકવાર લઇ આવે પણ તે ન જ માન્યાં. એક જ રટણ કે રોશની તો હવે મરી જવાની છે! આપણાં પૂર્વગ્રહો જયારે આપણને ગ્રસી જાય છે, ત્યારે ખરે જ શ્રધ્ધાની રોશની બુઝાઇ જાય છે. અને અંધશ્રધ્ધાની રોશની બુઝાઇ જાય છે અને અંધશ્રધ્ધાનું તિમિર આપણને તેના ભરડામાં લઇ લે છે.

વરસાદ માટે ઇશ્વરને શ્રધ્ધાપૂર્વક આરાધતાં પહેલાં છત્રી સાથે લઇ જવી સમર્પિત ભક્તિ છે. પરંતુ ઇશ્વરને વરસાદ લાવવા માટે બાધ્ય કરવા માટે થઇને બકરાંના બલિદાન આપવાં કે, કાળા જાદુ ટોણાના શરણે થવું એ તો ઇશ્વરનો ઉપહાસ કર્યા સમાન છે. ગણપતિ કે શંકર ભગવાનની મૂર્તિને જુદાં જુદાં સાજ શણગાર આપી લાડ કરો તો જગતપિતાના સંતાન હોવાના ન્યાયે યોગ્ય છે પણ મૂર્તિને દૂધ પીતી સાબિત કરવાના પેંતરા કરીને કેટલાંય નિર્દોષ હૃદયોમાં ઉગતી શ્રધ્ધાને આપણે... નિર્મૂળ કરી નાંખતા હોઇએ છીએ. આપણામાંના જ કેટલાંક લે-ભાગુ તત્ત્વો આવાં ઉંબાડીયા કરી ભગવાનના નામે ભોપાળું ચલાવતાં હોય છે. શાહમૃગ પોતાના શિકારીથી પીછો છોડાવવા માટે રેતમાં માથું ખોસી દે છે. અંધકાર ઓઢી લેવાથી મુસીબતોથી છૂટકારો મળતો નથી. તેમજ દુઃખથી છૂટકારો મેળવવા કે ઇચ્છિત મહત્વાકાંક્ષા પુરી કરવા માટે અંધશ્રધ્ધામાં આંખો મીંચીને કૂદી પડવું ઇશ્વરના સાક્ષાત્કારનો ઇન્કાર કરવા બરાબર છે.

એક બીજી પરિસ્થિતિમાં પણ માણસ શ્રધ્ધાનો હાથ છોડી અંધશ્રધ્ધા સાથે હથેવાળો કરે છે જયારે તેને ઓછી મહેનતે ઘણું મેળવી લેવાની કે પોતાની લીટીને મોટી અને બીજાની લીટીને નાની દેખાડવાની તીવ્ર લાલસા જાગે છે. લાલચ અને દ્વેષ અંધશ્રધ્ધાના પોષક છે. હા? પલાયનવૃત્તિ પણ શ્રધ્ધાવાદના ઉચ્છેદનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ધુણતા ભૂવા, જોર જોરથી વાગતાં ડાકલાં કે જાદુ ના ખેલ જેવા હાથચાલાકીના પ્રયોગો અંધશ્રધ્ધાએ દોરેલા કુત્સિત ચિત્રો છે. આપણા સંતોએ કહ્યું કે 'રામ રાખે તેમ રહીએ ઓધવજી! આપણે તો ચિઠ્ઠીના ચાકર છઇએ' પણ દૈવદત્ત આ પરિસ્થિતિ સામે ઇશ્વરની બીકમાં આપણે દેખીતું બંડ પોકારી શકતાં નથી, તેથી તેને તોડવાના - મરોડવાના તેને કુદાવી જવાના પેંતરા અંધશ્રધ્ધાના માર્ગે દોરી જાય છે.

માતાજીની ભક્તિ અને આરાધના કરવા માટે મન મુકીને શ્રધ્ધાના ગુણલાં ગાવા માટે રૂમઝૂમ કરતી નવરાત્રી દરવાજે જ ઉભી છે સખી? શું વિચારે છે? આ નવલાં નોરતાંને માતાજીની સ્નેહાળ ભક્તિની અખંડ જ્યોત સમા બનાવવાં છે ને કે માતાના નામે ધૂણતા પાખંડીઓના ઇશારે અંધશ્રધ્ધાના અંધારે અથડાવું છે? બાકી મને તો શ્રધ્ધા છે મારી ઇશ્વરભક્તિ પર એટલે જ ગની દહીંવાળાની જેમ ગાઇ શકીશ કે -

**"શ્રધ્ધા જ મારી લઇ ગઇ મંઝિલ પર મને**
**રસ્તો ભૂલી ગયો, તો દિશાઓ ફરી ગઇ."**

- તારી સ્વાતિ

# લગભગ બપોર બાદ તેમનાં ગધેડાં, ચરવા માટે છુટ્ટાં મૂકાતાં, સાંજ સુધી ગધેડાં ચરે અને સાંજે જીવાકાકા તેમને હાંકી લાવે, આ નીતનો ક્રમ હતો

## 'બદલો'

### 'પ્રાણી પ્રેમની અનોખી કહાની'

- હર્ષદરાય ઉપાધ્યાય

લાં...બી વિદેશયાત્રાથી હું વતન પરત ફર્યો હતો. વતનની મહેંક મારા શ્વાસમાં કાયમ રહી છે. પ્લેનમાં, ટ્રેનમાં અને હાલ ટેક્સીમાં આવતાં આવતાં વિચારોથી મન ડોલી ઊઠતું હતું. સીમ, ખેતરો વગેરે જેમનાં તેમ ઊભાં હતા.

ગામમાં ઝાંપેથી પ્રવેશ્યો, સીમવૃક્ષ, જૂની શાળા, નાનું મંદિર હજુ લગભગ એજ હાલતમાં હતા. આસપાસ, બધું આનંદથી જોતો હું અને મારો વતનનો મિત્ર પંકજ ગાડીમાંથી ઉતર્યા. પરંતુ ત્યાં મારી નજર દૂરથી લાકડાની ગોડીને ટેકે દોડ પગે આવતા માણસ પર પડી અને મારા મોંઢામાથી શબ્દો સરી પડ્યા. 'અરે! આ તો જીવો કુંભાર. પણ આ શું? તેનો એક અડધો પગ કપાયેલ હતો. શું થયું?' મારા વિસ્મયનો પંકજે જવાબ આપ્યો. મને કહ્યું કે, "એ એક લાંબી વાત છે." મારી ઉત્કંઠા પ્રબળ હતી. આથી મંદિરના ઓટલે અમે બેટા અને પંકજે વાત શરૂ કરી.

આમ તો જીવાકાકા બહું ભલા, ભોળા અને પ્રેમાળ દિલના હતા. તેમણે આંગણે પાંચથી છ ગધેડાં હોય જ. આખો દિવસ, સીમમાંથી માટી લાવવી, પલાવળી, ગૂંદવી, ચાકળે ચઢાવી માટલાં વગેરે તૈયાર કરવાં, ટીપવાં અને નિંભાડે પકડવા સુધીનાં કામમાં તે વ્યસ્ત રહેતા. લગભગ આખો દિવસ કામ કર્યા જ કરે. બાંધો સશક્ત હતો. ગામમાં ટ્રાન્સોટેશન માટે તેમનાં ગધેડાં અને લાકડાંનાં લગડાં (કાઠી) હંમેશા ઉપયોગમાં લેવાતાં.

ક્યારેક સહેજ નવરાશ મળે તો ઓટલી ઉપર બેસી, હૂક્કાના કસ તાણતા અને આભલાં તરફ ટીકી ટીકીને જોઇ રહેતા. પણ આવું તો ક્યારેક જ બનતું. બાકી આખો દિવસ તે અને તેમનાં લાડલાં ગધેડો કામે વળગેલાં જ હોય! ગધેડાંની પાછળ લગભગ તે દોડતાં હોય અને ભારે ગળામાંથી હં... અ... તારાના...? નો સ્વર ગુંજ્યા જ કરે. લગભગ છ ફૂટનું કદ, કછોડો વાળેલું ધોતીયું, દેશી ચામડાના મોઝા વગરના બૂટ, બંડી જેવું દેશી પહેરણ, હાથમાં નાની સોટી, મોંમાં પ્રવેશતી મૂછો અને બરછટ દાઢી આ તેમનો સદાનો દેખાવ હતો. હસે ત્યારે સસલાની જેમ ત્રણ દાંત દેખાય અને આંખો પહોળી થતી. ગામમાં તે સૌના પરિચિત વ્યક્તિ હતા જીવાકાકાના પરિવારમાં માત્ર તેમના પત્ની એકલાં જ હતા. પ્રભુએ બાળકો આપ્યાં ન હતા. વેકેશનમાં બહારગામથી આવનાર સૌના સામાનને તેમનાં જ ગધેડાં ઊંચકી લેતાં. ગામના છેવાડે તેમનું ઘર હતું. આથી તે જ કામમાં આવતાં.

લગભગ બપોર બાદ તેમનાં ગધેડાં, ચરવા માટે છુટ્ટાં મૂકાતાં. સાંજ સુધી ગધેડાં ચરે અને સાંજે જીવાકાકા તેમને હાંકી લાવે. આ નીતનો ક્રમ હતો.

ગામની નજીકથી વાત્રક નદી પસાર થતી હતી. સદાય બે કાંઠે વહેતી નદીનું પાણી ગામલોકોને આશિર્વાદ રૂપ હતું. પરંતુ નદીમાં એકલ દોકલ કોઇ ઉતરતું ન હતું. કેમ કે તેમાં ઊંડા ધરામાં મગર રહેતો હતો.

એક વેળાની વાત છે. બપોરનો સમય હતો. ઉનાળો હતો. સીમ અને પાદર સૂનકાર જેવાં હતા. જીવાકાકા પણ સહેજ આડે પડખે થયા હશે. ગધેડાં સીમમાં ચરતાં હતા. શાંત વાતાવરણમાં અચાનક નદી કાંઠેના ખેતરમાંથી કોઇકે રાડ નાંખી, 'જીવાકાકા... દો...ડો. તમારા ગધેડાને મગરે પકડ્યું છે.' અને જીવાકાકાની ઊંઘ ઉડી ગઇ. આંખો ફાંટી ગઇને હાથમાં પાવડો લઇ હાંફળાં ફાંફળાં નદી તરફ દોડ્યા અને જોયું તો લગભગ ગધેડું પાણીમાં ગરકાવ થવાની તૈયારીમાં હતું. વ્હાલસોયા દીકરા જેવું ગધેડું આમ મગરના મોઢામાં જાય તે જીવાકાકાથી સહન ન થયું. કશું વિચાર્યા વગર સીધા નદીમાં કૂદી પડ્યા. આડેધડ પાવડો વિંઝતા તે મગર ઉપર તૂટી પડ્યા. ગધેડું અધમરેલા જેવું થઇ ગયું હતું. પાવડાનો એક ઘા મગરના મોં ઉપર થયો. મગરની પકડ ઢીલી થઇ. ગધેડાએ તમામ તાકાત એકઠી કરી પગ ખેંચ્યો. ગધેડાનો પગ મગરના મોંમાંથી છટક્યો. ગધેડું બહાર તરફ ભાગ્યું. પણ એક તો શિકાર છટકી ગયો અને મોં ઉપર માર પડ્યો આમ બે બાબતોને લઇ મગરે જીવાકાકા ઉપર હૂમલો કર્યો. અને પગ પકડ્યો. જીવાકાકા ડરી ગયા. રાડારાડ કરી મુકી બચાવો... બચાવોની બૂમ પાડવા લાગ્યા. કિનારે થોડા ગ્રામજનો ભેગા થઇ ગયા હતા. પણ જીવાકાકાને બચાવવા શી રીતે?

જીવાકાકાએ પાવડાનો ઘા ફરી મગર ઉપર કર્યો અને આ ખેંચાખેંચીમાં છેવટે મગરે તેમને પડતા મૂક્યા. જીવાકાકા ભારે ઘાયલ થયા હતા. તે બહાર તો આવ્યા પરંતુ તેમનો પગ ઢીંચણ સુધીનો હવે કાયમ માટે નકામો થઇ ગયો હતો. ભારે પીડા હતી. પણ વ્હાલસોયા ગધેડાને બચાવવાનો અનહદ આનંદ હતો.

છેવટે તેમનો એ પગ કપાવવો પડ્યો. અને આજે ગોડીના સહારે તેઓ જીવન ગુજારી રહ્યાં છે.


પંકજની વાત સાંભળી મારૂં હૃદય ભારે ખીન્ન થયું હતું. ઉપકારી અને ભલા જીવાકાકા આજે હવે પહેલાંની જેમ ચાલી કે દોડી શકતા નથી. પરંતુ ધીરે ધીરે આજે પણ ગધેડાંની પાછળ જાય છે અને થાય તેટલું કામ કરી જીવનનો ભાર વહન કરી રહ્યાં છે.

જીવાકાકાની આ પ્રાણી પ્રેમની વાતે મારી આંખો ભીંની થઇ ગઇ. અને આંખના ખૂણા ઉલેચી સામાન લઇ હું ઘર તરફ ચાલી નીકળ્યો. જીવાકાકાની ગોડીના ખ..ટાક, ખ..ટાક અવાજ આજે પણ મગજમાં સંભળાય છે.

## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૪થી ઓક્ટોબર



- પરદેશમાં ક્રાંતિ માટેના પહેલાં ગુજરાતી શ્યામજી કૃષ્ણ વર્માની જન્મજયંતિ.

'ઇન્ડિયા હાઉસ' પરદેશના હિન્દુ યુવાનો માટે ક્રાંતિતીર્થ ભારતમાતાની મુક્તિ કાજે લડનારા શ્યામજી કૃષ્ણવર્મા ૩૧-૩-૧૯૩૧ એ સદાને માટે પોઢી ગયા.

- ૧૯૩૫ - અંગ્રેજીમાં સૌ પ્રથમ છપાયેલાં બાઇબલનું કામ પૂરૂં થયું.
- ૧૯૦૪ - વિશ્વ સાહિત્યકાર નિકોલાઇ એલેકઝેવ વીચ ઓસ્ટ્રોવ્સ્કીનો જન્મ.
- ૧૮૯૩ - કોંકણનાં ગાંધી - મહર્ષિ આપ્પા સાહેબ પટવર્ધનનો જન્મ.



- ૧૬૧૮ - પંચમહાલ જિલ્લાના દાહોદ મુકામે બાદશાહ આલમગીરી ઔરંગઝેબનો જન્મ.
- ૧૯૬૮ - ઓજસ પાલનપુરી વિખ્યાત ગઝલકારનું અવસાન.

# વડ, ઉંબરો, પીપળો, પારસ પીપળો તથા પીપળની છાલનો યોગ એટલે કે 'પંચવલ્કલ' રક્ત તથા પિત્તના રોગોમાં ખૂબ લાભદાયક છે

## પંચવલ્કલ અને તેના ઉપયોગો

## નિરામય

- ડો. કેદાર ઉપાધ્યાય

આયુર્વેદમાં સમાવિષ્ટ એવા અનેક ઔષધો અને તેના યોગો છે, કે જેઓ શારીરિક તેમજ માનસિક દૃષ્ટિએ ફાયદાકારક છે. સરખા ગુણો ધરાવતા અમુક ઔષધોને ભેગા કરીને અમુક યોગ બનાવવામાં આવે છે. આ યોગ સ્વાસ્થ્યની દૃષ્ટિએ વધુ ફાયદો કરે કારણ કે તેમાં એવા ઔષધોનું મિશ્રણ હોય છે. જે ગુણો તેમજ કર્મોની દૃષ્ટિએ સરખા હોય.

આવા અનેક યોગોમાં એક અસરકારક યોગ એટલે 'પંચવલ્કમ'. 'વલ્કમ' એટલે છાલ. પાંચ વૃક્ષો વડે, ઉંભરો, પીપળો, પારસ પીપળો તથા પીપળની છાલના યોગને પંચવલ્કલ કહેવાયું છે. તો ચાલો જાણીએ એક બાદ એક વૃક્ષના ગુણ કર્મોને...

**(૧) વડ :**

વડને સંસ્કૃતમાં 'વટ' કહે છે તેનો અર્થ થાય છે. 'જે પોતાના મૂળથી જમીનને ઘેરી લે છે તે અને પોતાને સ્થિર બનાવે છે તે' વડને ઠંડો, મધુર તથા તૃષ્ણા, ઉલ્ટી, રક્તપિત્ત, પ્રમેહ, સોજા તથા ઘા વાગ્યો હોય તેમાં ફાયદાકારક કહેલ છે.

- પ્રમેહમાં વડની છાલ અને વડવાઇઓનો ઉકાળો કરી પીવો.

- મળમૂત્ર બંધ થઇ ગયા હોય તો વડના પાકેલા સુકાઇ ગયેલ પાંદડાનો ઉકાળો કરી પીવો.

- રક્તપિત્તમાં વડવાઇઓનાં કલ્કમાં મધ અને સાકર નાખી પીવું.

- ઘા ને રૂઝવવા માટે વડના કોમળ પાનના કલ્કની લુગડી બનાવી, ઘા પર લગાવવી.

- સ્ત્રીઓને સફેદ પાણી પડતા હોય તો વડની છાલના ચૂર્ણને લોધરના ચૂર્ણ સાથે લેવું.

આ ઉપરાંત ગર્ભધારણ માટે પણ વડના વિવિધ ઉપયોગો પ્રચારમાં છે.

**(૨) ઉંબરો :**

ઉંબરના વૃક્ષને સંસ્કૃતમાં 'ઉદુમ્બર' કહે છે. જેનો અર્થ થાય છે, 'જે મૂળ ઊંચાઇ પ્રાપ્ત કરે છે, અથવા તો જેનો ઉપયોગ યજ્ઞમાં યાજ્ઞિકો દ્વારા થાય છે તે'

ઉંબરો પ્રકૃતિમાં ઠંડો છે. પિત્ત તથા કફને મટાડે છે. ઘાનું શોધન કરે છે, અને રૂઝવે છે તથા સોજાને દૂર કરે છે.

- ઝાડામાં લોહી પડવું હોય કે બળતરા થતી હોય તો ઉંબરાના પાકા ફળનો રસ પીવો.

- ઉંબરના ઉકાળાને સાકર સાથે આપવાથી ગર્ભપાત થતા અટકે છે, એવું વિધાન છે.

- પિત્તથી ઝાડા થયા હોય તેમાં આંબા, ઉંબરા, તથા વડલાના પાનના રસને પીવો.

- શરીરની કોઇ પણ પ્રકારની ગરમીમાં ઉંબરાના ફળનો રસ લેવો.

- પ્રદરમાં ઉંબરના મૂળને ચુકવી, ચૂર્ણ કરી, આપવું.

- પથરીમાં ઉંબરના મૂળના રસને આપવો.

**(૩) પીપળો :**

પીપળાના વૃક્ષને સંસ્કૃતમાં 'અશ્વસ્થ' કહે છે. તેનો અર્થ થાય છે. 'જેમાં પાણી વધુ રહેલું છે તે...'

પીપળાના પવિત્ર વૃક્ષોમાં ગણના થાય છે, પીપળો ઠંડો છે. પિત્ત તથા કફનો નાશ કરે છે. બળતરા તથા યોનિદોષનો નાશ કરે છે.

- વાતરક્ત (ગાઉટ)માં પીપળાના મળનો ઉકાળો મધ સાથે લેવો.

- ઘા રૂઝવવા માટે પીપળાના છાલનું ચૂર્ણ, ઘા પર છાટવું.

- સોજા ઉતારવા માટે પીપળાની છાલના ચૂર્ણમાં ઘી મેળવી તેનો લેપ કરવો.

- ક્ષય પર પીપળાની લાખનું ચૂર્ણ, ઘી તથા મધ વિષય માત્રામાં લેવું.

- રક્તપિત્તમાં પીપળાની છાલને મધ સાથે લેવું.

**(૪) પારસ પીપળો :**

સંસ્કૃતમાં પારસ પીપળાના વૃક્ષને 'પારિષ' કહે છે. આ વૃક્ષ પીપળાને બહુ મળતું આવે છે. પારસ પીપળો પિત્તનાશક છે તથા કામશક્તિ વધારનાર છે.

- આધાશીશીમાં પારસ પીપળાના ફળને પાણીમાં ઘસી તેનું નસ્ય આપવું.

- ખસ થયું હોય તો પારસ પીપળાના છાલથી ધોવું.

(અનુસંધાન પાના નં. ૬ પર)